| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૧/૦૮/૨૦૨૩ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે કુલ ૫૦ ગેસના સીલેન્ડર ચોરી કરનાર આરોપીઓને ચોરી કરેલ મુદ્દામાલ સાથે પકડી અનડીટેક ગુનો ડીટેક કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા તેમજ મિલકત સબંધી અન ડીટેક ગુનાનો ડીટેક કરવાની કરેલ સુચના આધારે ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર શ્રી વી.ડી.વાઘેલા સરદારનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન તેમજ સુચના આધારે સર્વેલન્સ મ.સ.ઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.નં ૧૩૪૭૯ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો હે.કો.રજનીકાંત ડાહ્યાભાઇ બ.ન. ૫૧૨૧ તથા રાજેંદ્રસિંહ ગણપતસિંહ બ.ન. ૯૭૬૯ તથા હે.કો.બિપીનકુમાર ગેબાભાઇ બ.ન. ૪૨૫૫ તથા હે.કો.રમેશસિંહ કાળુસિંહ બ.ન. ૯૪૨૧ તથા અપોકો ભરતભાઇ હરચંદભાઇ બનં-૮૪૫૭ તથા અ.પો.કો.અમરતભાઇ ઉમાજી બ.નં-૧૧૯૨૫ તથા પો.કો.રણજીત ગમાજી બ.ન. ૧૨૭૧૧ તથા પો.કો.વિભુભાઇ ગોબરભાઇ બ.ન. ૧૨૮૬૫ નાઓ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના મ.સ.ઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ બ.નં ૧૩૪૭૯ તથા પો.કો.ભરતભાઇ હરચંદભાઇ બ.ન. ૮૪૫૭ તથા પો.કો.અમરતભાઇ ઉમાજી બ.નં-૧૧૯૨૫ નાઓ ને મળેલ ચોક્કસ ખાનગી બાતમી હકિકત આધારે ચોરી કરનાર આરોપી (૧) સન્ની ઉર્ફે અક્ષય સ/ઓ જેરીલ પરસી જાતે લાવડન (ખ્રીસ્ચેન) ઉ.વ. ૨૪ ધંધો- ગેસની દુકાનમાં નોકરી (ડ્રાઇવીગ) રહે- સિગલચાલી કમલાબેનના મકાનમાં છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર (૨) અમીત સ/ઓ રાકેશ ઉદેસિંહ જાતે અભવેકર (છારા) ઉ.વ.૨૭ ધંધો-છુટક મજુરી રહે- મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા કુબેરનગર અમદાવાદ શહેર નાઓને ચોરી કરેલ મુદ્દામાલ ઇન્ડીયન કંમ્પનીના ગેસના ખાલી બોટલ નંગ-૪૭ તથા ભારત કંમ્પનીના ગેસના ખાલી બોટલ નંગ-૨ તથા એક ગેસનો બોટલ જે વધુ જુનો હોય કઇ કંમ્પનીનો છે જે જાણી શકાયેલ નથી જે તમામ મળી કુલ-૫૦ બોટલો જે એક ગેસના બોટલની કિ.રૂ.૧૦૦૦/- ગણી કુલ-૫૦ ગેસના બોટલની કુલ્લે કિ.રૂ.૫૦,૦૦૦/- સાથે પકડી સરદારનગર પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૦૨૩૧૮૧૧/૨૦૨૩ ઇ પી કો કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો અન ડીટેક ગુનો ડીટેક કરી સારી કામગીરી કરેલ છે.

## આરોપીનુ નામ :-

(૧) સન્ની ઉર્ફે અક્ષય સ/ઓ જેરીલ પરસી જાતે લાવડન (ખ્રીસ્ચેન) ઉ.વ. ૨૪ ધંધો- ગેસની દુકાનમાં નોકરી (ડ્રાઇવીગ) રહે- સિગલચાલી કમલાબેનના મકાનમાં છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર (૨) અમીત સ/ઓ રાકેશ ઉદેસિહ જાતે અભવેકર (છારા) ઉ.વ.૨૭ ધંધો-છુટક મજુરી રહે- મહાજનીયાવાસ રામાપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા કુબેરનગર અમદાવાદ શહેર

## મુદ્દામાલ;-

ઇન્ડીયન કંમ્પનીના ગેસના ખાલી બોટલ નંગ-૪૭ તથા ભારત કંમ્પનીના ગેસના ખાલી બોટલ નંગ-૨ તથા એક ગેસનો બોટલ જે વધુ જુનો હોય કઇ કંમ્પનીનો છે જે જાણી શકાયેલ નથી જે તમામ મળી કુલ-૫૦ બોટલો જે એક ગેસના બોટલની કિ.રૂ.૧૦૦૦/- ગણી કુલ-૫૦ ગેસના બોટલની કુલ્લે કિ.રૂ.૫૦,૦૦૦/- ગણી કબજે કરેલ છે.

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**

**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૧/૨૦૨૩**

બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૫/૨૦૧૬ ઇપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨ મુજબના સ્પે.(પોક્સો) કેસ નં.૧૨૩/૨૦૧૭ મુજબના ગુનાના કામે આરોપી દિલીપભાઇ રવાજી ઠાકોર (રહે. ગામઃ અમીરગઢ, કુવા પાસે, બનાસ નદી પાસે, તા:અમીરગઢ, જીલ્લોઃ બનાસકાંઠા) નાઓએ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી એમ.બી.કોટક સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૪, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૨/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૪૬૮ લીટર દેશી દારૂ, ૭૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૬ બિયર ટીન, ૧ કાર, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૨,૧૪,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૪/૨૦૨૩**

**નારોલઃ** કુંજ સ/ઓ યોગેશભાઇ મહેતા (રહે. ભુમીપુજા એપાર્ટમેન્ટ સુકેતુ સોસાયટી નિલમ ડુપ્થ હોટલની બાજુમાં યુનિવર્સીટી રોડ નવરંગપુરા) એ તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૩ રાતના ૯/૪૫ થી તા.૨૦/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ વિલ્સમ હોટલની બાજુમાં અક્ષય ઓટોપાર્ટસ નામની દુકાનમાંથી અતુલ શક્તિ લોડીંગ રીક્ષાના અલગ-અલગ ઓટોપાર્ટસ કિમત રૂપિયા ૧,૨૬,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**દાણીલીમડાઃ** નટવરભાઇ જેઠાભાઇ પરમાર (ઉ.વ.૩૪) (રહે. બિજલનગર મહાવીર સ્કુલની બાજુમાં દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૫,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

**<u>લુંટની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૫/૨૦૨૩</u>**

**અમરાઈવાડીઃ** રોહન નંદકિશોર ગેહલોદ (ઉ.વ.૨૬) (રહે. વિજયશક્તિ સોસાયટી શિતલછાયા સોસાયટીની બાજુમાં ઓઢવ) તા.૦૯/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી રામદેવનગર ત્રણ રસ્તાથી રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા નજીક એક્ટીવા ઉભુ રાખી ખુલ્લી જગ્યામાં લઘુશંકા માટે ગયા હતા દરમ્યાન એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષો રોહન ગેહલોદને તથા તેમના મિત્ર સાથે બોલાચાલી કરી "તારી પાસે જે હોય તે આપી દે" તેમ કહી ચપ્પુ બતાવી હાથ ઉપર ગંભીર ઇજાઓ કરી રોકડ રૂપિયા ૫૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ સાથેનુ રોહન ગેહલોદનુ પાકીટ તથા મિત્રનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૩૦૦૦/- તેમજ એકટીવા નંબર જીજે ૦૧ ટીસી ૮૮૭ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રોહન ગેહલોદએ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પોસઈશ્રી જી.કે.આહીર ચલાવે છે

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૬/૨૦૨૩</u>**

**નારોલઃ** આસીફ જુબેરભાઇ શેખ (રહે. અનુર સોસાયટી અંબર ટાવર ફતેહવાડી સરખેજ) એ તા.૧૦/૦૮/૨૦૨૩ કલાક ૨/૦૦ વાગે નારોલથી વિશાલા તરફ જતા દેવ હોટલની બાજુમાં નાનુભાઇના ગોડાઉન બહાર બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૦૧ જેટી ૫૬૯૦ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ આસીફ શેખ એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરફરાજ નવાજ ઈબ્રાહીમમીયા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૭/૨૦૨૩</u>**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મનીશભાઇ સોમાભાઇ પંચાલ (ઉ.વ.૪૪) (રહે.બંસીધર સોસાયટી, રબારી કોલોની પાસે) તા.૦૩/૦૮/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન વટવા જીઆઇડીસી કોટક મહિન્દ્રા બેંક પાસે જશુભાઇ ઇન્જીનીયરીંગ કંપની સામેથી પોતાનુ મોપેડ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા ફોર વ્હીલ ગાડીના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મનીશભાઇની મોપેડને ટક્કર મારતા મનીશભાઈને ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૮/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગે મનીશભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર મનીશભાઇના બનેવી ગીરીશભાઇ પંચાલ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ગામીત ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧૮/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** અનિલભાઈ હરગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૧૯) (રહે. હનુમાનની ચાલી ખોડીયારનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા આંબેડકરબ્રિજ નીચે સીડી નંબર-૪૦ પાસે વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** તમન્નાબેન લુફ્ફાર શેખ (ઉ.વ.૨૪) (રહે. સનરાઈઝ પાર્ક પાર્શ્વનાથ ટાઉન શીપ રોડ આશિષ બેકરીની બાજુમાં કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પારેખ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મોહમદઆરીફ સ/ઓ મોહમદરફીક શેખ (ઉ.વ.૩૦) (રહે. સુવાપંખીની ચાલી ઉષા સિનેમા રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર પ્રભુદાસ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી